# અંદર-બહારમાં વર્તુળાતી કવિતા | પ્રફુલ્લ રાવલ

[**'ભીની હવા, ભીના શ્વાસ'** : લે. ચંદ્રકાન્ત શેઠ, પ્ર. આર. આર. શેઠની કંપની, અમદાવાદ, પ્ર. આ. ક્રાઉન, પૃ. ૮+૭૨ = ૮૦, કિં. રૂ. ૪૫/-]

છેલ્લી પચ્ચીસીની ગુજરાતી કવિતાની મુદ્રા પામવા જે કવિઓની કવિતાનું સ્મરણ અવશ્ય કરવું જ પડે તેમાંના મહત્ત્વના કવિ તે શ્રી ચંદ્રકાન્ત શેઠ. કવિતા સાથેનો એમનો અનુબંધ છેલ્લા ચાર દાયકાથી અતૂટ રહ્યો છે. અલબત્ત, અન્ય સાહિત્યસ્વરૂપોમાં એમની સર્જકપ્રતિભાનો ઉન્મેષ લભ્ય બન્યો છે તે વળી અલગ ઉપલબ્ધિ. બદલાતી કાવ્યવિભાવના અને બદલાતી અભિવ્યક્તિરીતિ આ સક્રિય – સજાગ કવિથી અજ્ઞાત નથી. આથી જ અછાંદસ કવિતામાં એમની ગતિ રહી છે તે પણ એમની વિશિષ્ટ તરેહથી, એમના વિશિષ્ટ અવાજથી.

પ્રત્યેક અછાંદસ કવિતાને આગવો નિર્બંધ લય હોય અને એ લય જ એ કવિતાના સૌંદર્યને પ્રકટાવે છે. 'ભીની હવા, ભીના શ્વાસ'ની અછાંદસ કવિતાનું સૌંદર્ય એનો વિશિષ્ટ લય છે અને એ જ ચંદ્રકાન્ત શેઠની અનન્ય સર્જકછવિ છે. ક્યારેક એક જ શબ્દના પુનરાવર્તનથી તો ક્યારેક સમાન વર્ણના આવર્તનથી કવિ લય સાથે છે. જેમકે :

**'આકાશ બંધ**
**ને આ દરવાજોય બંધ !**
**ચકરાતી ચાવી**
**ને અકળાતું તાળું'** (પૃ. ૧)

પહેલી પંક્તિમાં 'બંધ' શબ્દનું પુનરાવર્તન અને બીજી પંક્તિમાં 'ચ' અને 'ળ' વર્ણના આવર્તનથી આંતરલય નીપજ્યો છે. આ પંક્તિઓ જુઓ :

**'તેં મને સુવાડ્યો તો હું સૂતો,**
**તેં મને ઉઠાડ્યો તો હું ઊઠ્યો.**
**તેં ઊભો કર્યો તો ઊભો થયો**
**ને તેં બેસાડ્યો તો બેઠો.'** (પૃ. ૨૬)

અહીં 'તેં', 'મને', 'તો' અને 'હું'નું પ્રત્યેક પંક્તિમાં પુનરાવર્તન થયું છે અને ક્રિયાપદમાંના 'ઓ'કારાન્તથી કર્ણપ્રિય લય નિષ્પન્ન થયો છે. લય તો અભિવ્યક્તિની કળા છે. આમ તો એ માધ્યમ છે. પણ માત્ર માધ્યમ અર્થાત્ લય જ આ કવિતાની સાચી ઓળખ નથી. આ કવિતાનું અસલ વિત્ત તો છે એની અર્થદ્યુતિ. જેમાં અભિધા, લક્ષણા અને વ્યંજનાનું સાયુજ્ય છે. વ્યવહારની ભાષાના તદ્દન સાદા સરળ શબ્દોનું સર્જનાત્મક રૂપાન્તર આ કવિની સર્જનસિદ્ધિ છે. જાણે કવિસ્પર્શે એ શબ્દો મૂળ અર્થનું રૂપ સાચવીને પણ સાવ નવતર દ્યુતિ પ્રકટાવે છે. એ રીતે કવિએ શબ્દનો પૂરો કસ અને ક્યાસ કાઢ્યો છે.

કવિની જાત સાથેની મથામણ – દ્વન્દ્વ જ કહોને, પંડને પામવાની ગડમથલ, ભીતરના ખળભળાટનો ખાળવાનો સંનિષ્ઠ યત્ન, વિમાસણ, નિયંતાએ રચેલ કમઠાણ અંગેનું નિર્દોષ કુતૂહલ ને જિજ્ઞાસા, છતાંય નિયંતા પર અપાર પરિપૂત શ્રદ્ધા અને એ દ્વારા અધ્યાત્મની દિશા પ્રતિ કેળવાતી રુચિ, અંતિમની પ્રતીતિ, તો વળી હૃદયના હક્કની ખુમારી આ કવિતાનો શ્વાસ છે. આ શ્વાસમાં ભીનાશ છે તે હૃદયની. અહીં માત્ર શબ્દો ગોઠવાયા નથી પણ કવિનો 'અંદર-બહારનો ધખારો' જાણે ઠર્યો છે ! કવિને પ્રશ્ન છે – 'આ હું ટક્યો છું તે ખરેખર કોના આધારે ?' ભલે ટકવાનું બન્યું છે પણ કવિ પામી ગયા છે નિશ્ચિત અફર ભાવિને. 'મારે હવે ઉતાવળ કરવી જોઈએ' નામક કવિતામાં કવિ કહે છે :

**'એક શબગાડી ચુપચાપ આવીને**
**અદબ વાળીને ઊભી છે મારા બારણે**
**મારી પાસે...**
**મારે હવે ઉતાવળ કરવી જોઈએ;**
**મારા સડી ગયેલા જીર્ણશીર્ણ પોટકાને**
**પેલી ગાડીમાં ચડાવી પહોંચાડી દેવું છે**
**અવ્વલ મંજિલે.'** (પૃ. ૩-૪)

આવી જ અનુભૂતિ 'લાંબું નહીં ખેંચે...' કાવ્યમાં સાંકેતિક રીતે કવિએ વ્યક્ત કરી છે :

**'લાગે છે :**
**હવે પેલા ખંડિત કોઠે ટમટમતા**
**કોડિયાની વાટ લાંબું નહીં ખેંચે...'** (પૃ. ૫)

અંદર-બહારની મથામણ-વિમાસણ આ કવિનો મૂળ સૂર છે. વાસ્તવમાં એ જ સહુનો સૂર હોવો જોઈએ. જે અંદર જોઈ શકે તે જ ન્યાલ થઈ શકે છે. અંદર જોવાની, ઝાંખવાની વૃત્તિ એ મનુષ્યની ઊર્ધ્વગતિ છે. આ ઊર્ધ્વગતિ કવિનો નિજવિકાસ છે. એણે જ કવિની જીવનસમજને કેળવી છે. એ જ અધ્યાત્મ પ્રતિ કવિને દોરી જાય છે. કવિ માને છે કે અંદર પણ એક આકાશ છે. અંદરના ઓથારમાં વીજળી સબોડાતી રહે છે. આ મથામણ ક્યારેક વ્યથા જન્માવે છે. એથી તો કવિ પુકારી ઊઠે છે –

**'નથી મારાથી બહાર નીકળાતું**
**નથી મારાથી અંદર પહોંચાતું'** (પૃ. ૯)

અને કેવી પરિસ્થિતિ ઊભી થઈ છે :

**'જે કીડીને પગ તળે કચડી**
**એ જ મને હવે કચડતી રહી છે ભીતરમાં....**
**કરોળિયાનાં જે જાળાં મેં તાણ્યાં-તોડ્યાં**
**એ જ મને રૂંવે રૂંવેથી – નસે નસેથી ખેંચી ઉતરડી**
**જકડવા કરે છે પોતાની જાળમાં...** (પૃ. ૧૬)

વળી બન્યું છે એવું કે

**'બંધિયાર હવામાં**
**લકવાયો છે દંડો હાથમાં'** (પૃ. ૧૦)

'શા માટે ?.... શા માટે ?....' કાવ્યમાં કવિનો આશ્ચર્યકારક પ્રશ્ન આવો છે :

**'કોણ ઢળે છે ને કોણ ઢાળે છે ?**

**કોણ વળે છે ને કોણ વાળે છે ?**
**કોણ શ્વાસની સાથે**
**ને સમયની સાથે**
**ફેરવતું રહે છે આપણને**
**અંદર અને બહાર ?'** (પૃ. ૧૯)

અંદર અભીપ્સા ભલે હોય, પરંતુ કવિ વાસ્તવિકતાને કોરાણે મૂકતા નથી. એ જાણે છે :

**'બહારનો રઝળપાટ જો ઓછો નથી**
**તો અંદરનો ખારોપાટ પણ ઓછો નથી !'** (પૃ. ૨૨)

જે જીવન કવિ વેંઢારી રહ્યા છે તે માટે નિયંતા સમક્ષ કવિની રાવ 'તેં તો મને...' કાવ્યમાં વ્યક્ત થઈ છે. વ્યક્તિ માત્ર આ જગતમાં સતત અસ્તિત્વ ટકાવી રાખવા મથે છે. કવિની રાવ આવી છે :

**'તેં તો મને**
**હડસેલો દઈને ફંગોળ્યો આ ઊંડા કૂવામાં**
**પણ પંડને તરતું રાખવા**
**જીવ પર આવીને**
**પાણી સામે ઝૂઝવું તો મારે જ પડે છે હવે'** (પૃ. ૨૪)

ટકી રહેવાની મથામણમાં ધબાધબ ને છબાછબ કવિને કરવાની છે પણ કૂવાનું બંધિયાર વાતાવરણ છે અને છતાંય

**'મારી જાતને આમ તરતી રાખવાનોયે**
**થાક લાગે છે મને !'** (પૃ. ૨૪)

કવિ બરાબર કંટાળ્યા છે. જીવન છે પણ સંઘર્ષસભર. ત્યારે કવિની આંતરઇચ્છા કેવી છે :

**'કાં તો તું હવે ખેંચી લે તારી કને ઉપર મને**
**અથવા મને ડૂબવા દે અહીં ડુબાય એ રીતે...**
**તું મને દરિયાના મોજે ઉછાળ**
**કે મને વંટોળિયાના માથે ચડાવી ઉડાડ**
**પણ આમ મને રાખ નહીં**
**કૂવાના પાણીમાં છટપટાહટ કરતો...'** (પૃ. ૨૪)

નિયંતાની ઇચ્છાથી જ બધું ચાલે છે. એના કીધા-કરાવ્યા મુજબ જીવન ચાલ્યું છે. ત્યારે કવિ 'હવે તો તારે જોવાનું છે બધું' એમ કહીને સઘળો ભાર નિયંતાને આપી દે છે અને કવિએ પોતાની 'સાળ' ચાલુ જ રાખી છે. એ સાળમાં તાર તો એ જ પૂરશે. છતાંય સાળની જગ્યાએ ચરખો કાંતવાનું કર્મ નિયંતા સોંપશે તો એ કરવાની કવિની માનસિક તૈયારી છે પણ ત્યારે એ સામે પ્રશ્ન કરે છે : 'પણ પછી કયો ભા ચલાવશે આ સાળ ?' અહીં 'ભા' શબ્દ દ્વારા કવિનો રોષ છતો થયો છે. કવિ જાણે છે, બરાબર જાણે છે કે નિયંતા વગર તો કશું જ થવાનું નથી. એથી એ જ રસ્તો કાઢે છે :

**'બહેતર તો એ છે, સાળ હું ચલાવતો રહું**
**ને તાર તું પૂરતો રહે.'** (પૃ. ૨૬)

પણ ત્યાં પતી જતું નથી. વળી નિયંતાની જરૂર તો પડવાની જ છે. કારણ કે એ જ સર્વકર્તા છે. એટલે નમ્ર પ્રશ્ન કરે છે :

**'પણ પાછું મારાથી જે કંઈ વણાય**
**તે પહેરાય એવો ત્રાગડોયે**
**તારે કરવો પડશે ને ?'** (પૃ. ૨૭)

છતાંય પોતાનો આધાર મનુષ્ય પોતે જ બની શકે. 'ઊભા તો તમે જાતે જ થઈ શકો' એ કાવ્યમાં કવિએ કહ્યું છે :

**'કોઈ હાથ દે ને તમે ઊભા થાઓ**
**– નહીં બને એ'** (પૃ. ૨૮)

એટલે તો કવિ સમયસર સમજીને ચેતી જવાની શીખ આપીને કહે છે :

**'ઊપડી જાઓ તમારી આ હોડલીને લઈ મજધારે...**
**તમને તારશે તો આ તમારાં હલેસાં જ તારશે**
**ને તમારું સુકાન તમને દેખાડશે**
**તમારો ધ્રુવ ક્યાં છે તે...'** (પૃ. ૨૯)

ચંદ્રકાન્ત શેઠે પતંગના માધ્યમથી સૂચક રીતે કહેવાનું કહીને ભીતરની અપેક્ષા-એષણાને છતી કરી છે. એમને શોધ છે, – અપેક્ષા છે મઝેદાર પતંગની. શું કરવું છે એ પતંગથી ?

**'આકાશમાં ચડાવી**
**મોકલું પેલી કાલિદાસની અલકામાં**
**સપ્તપ્રાસાદે ગવાક્ષે રહી**
**પ્રતીક્ષા કરતી કોઈ યક્ષકન્યાને !'** (પૃ. ૬૨)

કવિનો દોર પતંગના અભાવે ગૂંચાતો રહ્યો છે. ગૂંચાયેલી ફીરકીને કેમ સરખી કરવી એ કવિની વિમાસણ છે. તો વળી ફીરકી પકડનાર પડખે હોવાની અપેક્ષા જાગે છે ને તરત સંશય થાય છે :

**'મારા દોરને કોઈ પતંગ સાથે**
**સરખી રીતે ગાંઠી શકે એવી**
**નાજુક નમણી આંગળીઓ**
**મારા જ દોરના ઘસરકે**
**અજાણતાંમાં કપાઈ તો નહીં હોય ને ?'** (પૃ. ૬૨)

પતંગને આકાશ મળે છે, પરંતુ કવિને ક્યાં કશું મળે છે. દોરી છે પણ પતંગની તલાશ છે. 'સુંવાળા મીઠડા ઠપકાની અપેક્ષા છે.' પણ પતંગ નથી. 'જો મારો નહીં, તો તારોયે પતંગ ક્યાં છે ?' અને પતંગ મળે છે ત્યારે એ ઊઠતો નથી, ઊડતો નથી. નથી કોઈ હળવેથી, પ્રેમપૂર્વક હવામાં મુકાવનાર. 'લટવાળી લટકાળી લહેરખીની' રાહ જોવાય છે. બસ, અપેક્ષા જ છે. રંગદર્શિતા પડછે ચંદ્રકાન્ત શેઠે જીવનનું પરમ સત્ય ગૂંથ્યું છે.

'આ તો કેવું સવાર'માં કવિ જાણે નિજકથા-વ્યથા આમ કહે છે :

**'આટઆટલા રસ્તા તોયે**
**નથી જવાતું ઘેર**
**કેટકેટલું રવડ્યા રખડ્યા**
**તોય ઠેરના ઠેર !'** (પૃ. ૬૮)

આ 'ઠેરના ઠેર'ની પ્રતીતિ ભાગ્યે જ કોઈકને થાય છે. ભલે લાગતી હોય ગતિ-પ્રગતિ, પરંતુ મનુષ્ય તો 'ઠેરના ઠેર' રહે છે.

તેજના તળિયાને તાગતી આ કવિતા ચંદ્રકાન્ત શેઠની સહજ કાવ્યયાત્રા બની રહે છે અને એમની ભાવક્ષણો અંદર-બહારના વર્તુળમાં વર્તુળાતી રહે છે.